નિયમો નેવે મૂકી બોગસ દરખાસ્તોના આધારે મળતિયા વેપારીઓને માલામાલ કરાયાનો આક્ષેપ

જન આરોગ્ય ગ્રાન્ટમાં લાખોનું 'ઓપરેશન'

સરપંચોને અંધારામાં રાખી બારોબાર ખરીદીનું મોટું કૌભાંડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

કપડવંજ તાલુકામાં લાખો રૂપિયાની ગ્રાન્ટમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ગ્રામ્ય કક્ષાની જન આરોગ્ય સમિતિના અધ્યક્ષ એવા સ્થાનિક સરપંચોને સંપૂર્ણ અંધારામાં રાખીને, તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા સત્તા બહાર જઈ બારોબાર ખરીદી કરી લેવામાં આવી હોવાની વિગતો સપાટી પર આવી છે. કાગળ પર બનાવટી દરખાસ્તો ઊભી કરીને માનીતા વેપારીઓને આર્થિક લાભ કરાવી આખું કૌભાંડ આચરવામાં આવ્યું છે.

નિયમ મુજબ, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના વિકાસ માટે મળતી ગ્રાન્ટનો વહીવટ જન આરોગ્ય સમિતિએ કરવાનો હોય છે, જેમાં સરપંચ અધ્યક્ષ તરીકે હોય છે. કોઈ પણ ખરીદી માટે સમિતિની બેઠક બોલાવી ઠરાવ કરવો ફરજિયાત છે, પરંતુ કપડવંજ પંથકમાં સમિતિની કોઈ બેઠક બોલાવ્યા વિના જ મિનિટ બુકમાં બોગસ દરખાસ્તો દર્શાવી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ફરિયાદો ઉઠી છે. મળતિયા વેપારીઓ પાસેથી કમિશન મેળવવા માટે ઓનલાઈન પોર્ટલ કે ટેન્ડર પ્રક્રિયાના નિયમોના સરેઆમ લીરેલીરા ઉડાડવામાં આવ્યાના આક્ષેપો થઈ રહ્યાં છે.

આ સમગ્ર પ્રકરણમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે સ્થાનિક કમ્યુનિટી હેલ્થ ઓફિસરોએ કબૂલાત કરી કે તેઓએ કોઈ ખરીદી કરી નથી, પરંતુ તાલુકા હેલ્થ ઓફિસરે પોતાની સત્તા બહાર જઈને તમામ વસ્તુઓ તેમના પર થોપી દીધી છે. કાયદા મુજબ તાલુકા હેલ્થ ઓફિસર માત્ર દેખરેખ રાખી શકે છે, તેઓ સીધી રીતે ફંડનો વહીવટ કરી શકતા નથી.

આમ છતાં, સત્તાનો દુરુપયોગ કરીને આચરવામાં આવેલા આ કૌભાંડની જો ભૌતિક તપાસ અને સ્ટોક રજિસ્ટરનું ઓડિટ થાય તો મોટો ભ્રષ્ટાચાર બહાર આવવાની પૂરી શક્યતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય કક્ષાની સરકારી ઓફિસમાં ગેરરીતિની ફરિયાદો વારંવાર ઉઠી રહી છે.

ગ્રાન્ટનું ગણિત : ક્યા કેટલી ગ્રાન્ટ ?

સબ સેન્ટર: અગાઉ ૨૦ હજારને બદલે હવે વાર્ષિક ૫૦ હજાર રૂપિયાની ગ્રાન્ટ.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર : વિસ્તાર મુજબ ૧.૭૫ લાખથી ૨ લાખ રૂપિયા સુધીની માતબર રકમ.

ઉપયોગ: પંખા, ફિલ્ટર કે તાત્કાલિક જરૂરિયાતની વસ્તુઓ માટે.

ખરીદીના નિયમોનું ઉલ્લંઘન

સરકારી માર્ગદર્શિકા મુજબ ખરીદી ફરજિયાત ઓનલાઈન સરકારી પોર્ટલ (GeM) પરથી જ કરવાની રહે છે. જો સ્થાનિક બજારમાંથી ખરીદી કરવાની થાય તો ત્રણ અલગ અલગ વેપારીઓ પાસેથી ભાવપત્રક મંગાવી સૌથી ઓછા ભાવ આપનારને જ ઓર્ડર આપી શકાય, જે નિયમનો અહીં ભંગ થયો છે.

પેમેન્ટની શંકાસ્પદ પ્રક્રિયા

નિયમ મુજબ પેમેન્ટ ચેક કે ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા સીધું વેપારીના ખાતામાં થાય છે, જેમાં સરપંચ (અધ્યક્ષ) અને આરોગ્ય અધિકારી (સભ્ય સચિવ) બંનેની સંયુક્ત સહી હોવી અનિવાર્ય છે. આ કિસ્સામાં સરપંચોને જાણ જ ન હોવાથી સહીઓ બાબતે પણ અનેક સવાલો ઊભા થયા છે.

લુણાવાડામાં પાણી પુરવઠાને માર્ગ-મકાન વિભાગની નોટિસ

ચાકલિયા કોસિંગ પાસે પૂર્વ પરવાનગી વિના રોડની આરઓડબલ્યુમાં કમ્પાઉન્ડ વોલનું બાંધકામ શરૂ કરાતા કામ રોકવા આદેશ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૯

લુણાવાડા - મલેકપુર - દિવડા કોલોની સ્ટેટ હાઈવે પર ચાકલિયા ક્રોસિંગ નજીક પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની મોટી બેદરકારી સામે આવી છે. માર્ગ અને મકાન વિભાગની કોઈ પણ પ્રકારની પૂર્વ પરવાનગી લીધા વિના જ રોડની ગ્રાન્ટ અથવા આર.ઓ.ડબલ્યુ. (Right of Way) ની હદમાં કમ્પાઉન્ડ વોલનું નિર્માણ શરૂ કરી દેવાતા વિવાદ સર્જાયો છે.

આ અંગેની જાણ થતાં મહીસાગર માર્ગ અને મકાન વિભાગના ઈજનેરોએ સ્થળ તપાસ કરી હતી, જેમાં કિ.મી. ૮/૭૦૦ થી ૮/૮૦૦ વચ્ચે નિયમો વિરુદ્ધ કામગીરી પ્રગતિમાં હોવાનું જણાયું હતું. આ ગેરકાયદેસર બાંધકામને ગંભીરતાથી લઈ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા પાણી પુરવઠા વિભાગને સત્તાવાર નોટિસ પાઠવી કામ તાત્કાલિક બંધ કરવા આદેશ આપ્યો છે. સરકારી વિભાગો વચ્ચે સંકલનના અભાવ અને આ પ્રકારની ઘોર બેદરકારીને કારણે સ્થાનિક સ્તરે અનેક ચર્ચાઓ જાગી છે.

વડતાલધામમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી

સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજ અને પાદુકા પૂજન સાથે ગુરુપૂર્ણિમા મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મંત્રી કમલેશ પટેલ અને ધારાસભ્ય પંકજ દેસાઈ સહિત ૭૫ હજારથી વધુ હરિભક્તોએ દર્શન તથા મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સભામંડપમાં આયોજિત વિશેષ સભામાં સંતો અને ભક્તો દ્વારા આચાર્યનું પૂજન કરાયું હતું અને સદ્‌ગુરુ નીલકંઠ ચરણદાસજી સ્વામીએ ભક્તિ અને ગુરુ-મહિમાની કથાનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે આચાર્યે તમામ હરિભક્તોના મંગળ અને સુખાકારી માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

કડાણાના માલવણ ગામના સરપંચને આખરે હોદ્દા પરથી બરતરફ કરાયાં

નાણાકીય ગેરરીતિ અને સત્તાના દુરુપયોગ બદલ જિલ્લા વિકાસ અધિકારીએ આદેશ કર્યો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૯

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાની માલવણ જૂથ ગ્રામ પંચાયતમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને નાણાકીય અનિયમितતાના મામલે જિલ્લા વિકાસ અધિકારીએ લાલ આંખ કરી છે. પંચાયતના સરપંચ જોશનાબેન કિરણકુમાર સોલંકી વિરુદ્ધ થયેલી ફરિયાદો અને તપાસ સમિતિના અહેવાલને આધારે, તેમને તાત્કાલિક અસરથી હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

માલવણ જૂથ ગ્રામ પંચાયતના સરપંચ જોશનાબેન કિરણકુમાર સોલંકી સામેની તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, સરપંચે સત્તાવાર મંજૂરી મેળવ્યા વિના ખાનગી કો-ઓપરેટિવ બેંકમાં પંચાયતનું ખાતું ખોલાવ્યું હતું. આ ઉપરાંત, પંચાયતની વિવિધ ગ્રાન્ટો જેવી કે સીસી રોડ અને વોટર વર્ક્સના કામોમાં ટેકનિકલ કે વહીવટી મંજૂરી મેળવ્યા વગર જ નાણાંનો વ્યય કરવામાં આવ્યો હતો.

સૌથી ગંભીર બાબત એ હતી કે, સરપંચે પોતાના પતિ કિરણકુમાર સોલંકીના નામે રૂ. એક લાખનો ચેક લખી પંચાયતના નાણાંનો અંગત સ્વાર્થ માટે સીધો આર્થિક લાભ કરાવ્યો હતો, જે પંચાયત ધારાની જોગવાઈઓનો સરેઆમ ભંગ છે.

મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થે ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં સરપંચ દ્વારા રજૂ કરવામાં આવેલા ખુલાસાઓ તપાસમાં પાયાવિહોણા સાબિત થયા હતા. આ કડક કાર્યવાહીથી જિલ્લાના અન્ય પંચાયત પ્રતિનિધિઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

અગાઉ તલાટીને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં

માલવણ જૂથ ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારના પગલે અગાઉ તલાટીને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. બાદમાં સરપંચ સામે લાંબી તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, સમગ્ર મામલામાં સરપંચ સામે માત્ર બરતરફના પગલાં ભરવાથી જ નહીં પરંતુ સરકારને થયેલા નાણાકીય નુકશાન અંગે રિકવરી કરવા પણ માગણી ઉઠી છે. આ ઉપરાંત ગ્રામજનોમાં ચર્ચા મુજબ, સમગ્ર ગેરરીતિમાં સરપંચ પતિની પણ સંડોવણી છે, જેથી તેની સામે કાર્યવાહી થવી જોઈએ.

નડિયાદના સંતરામ મંદિરે હજારો ભક્તોએ લીધા આશીર્વાદ લીધા

નડિયાદના સંતરામ મંદિરમાં ગુરુ પૂર્ણિમા નિમિત્તે વહેલી સવારથી જ ભક્તોએ અખંડ જ્યોત અને સમાધિના દિવ્ય દર્શન કરી તેમજ પાદુકા પૂજન કરી ધન્યતા અનુભવી હતી. મહંત પ.પૂ. રામદાસજી મહારાજના ચરણોમાં વંદન કરી શ્રદ્ધાળુઓએ ગુરુ કંઠી ધારણ કરી હતી અને સંતોના આશીર્વાદ સાથે પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ખેડા જિલ્લાના ખેડૂતો અને પશુપાલકોએ પરંપરાગત રીતે પ્રથમ ધાન્ય અને દૂધ અર્પણ કરી સમગ્ર વર્ષ દરમિયાન પાક અને પશુઓના રક્ષણ માટે પ્રાર્થના કરી હતી. ગુજરાત સહિત દેશ-વિદેશથી ઉમટી પડેલા હજારો ભક્તોએ 'જન સેવા એ જ પ્રભુ સેવા'ના મંત્ર સાથે ગુરુ વંદના કરીને આધ્યાત્મિક શાંતિ મેળવી હતી.

તસવીર : જશવંતસિંહ રાઠોડ

રાજ્યમાં અતિવૃષ્ટિની સ્થિતિને પગલે રિટર્ન ભરવાની મુદત વધારવા માંગ

ટેક્સ એડવોકેટ્સ એસોસિયેશન દ્વારા કેન્દ્રીય નાણાંમંત્રી અને સીબીડીટીને રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા અતિભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિને કારણે સામાન્ય જનજીવન ખોરવાયું છે, જેની સીધી અસર કરદાતાઓ પર પડી છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને ટેક્સ એડવોકેટ્સ એસોસિયેશન ગુજરાત દ્વારા આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ માટે બિન-ઓડિટ આવકવેરા રિટર્ન (ITR) ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈથી લંબાવીને ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ કરવાની તાત્કાલિક માંગ કરવામાં આવી છે.

આ અંગે એસોસિયેશનના પ્રમુખ એડવોકેટ દીપ કે. પારીખના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને સીબીડીટીના અધ્યક્ષને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, નવસારી, વલસાડ, સુરત, અમદાવાદ અને વડોદરા જેવા જિલ્લાઓમાં રેડ-ઓરેન્જ એલર્ટ અને પૂરના કારણે વેપાર-ધંધા સ્થગિત થઈ ગયા છે. અનેક સ્થળોએ વીજ પુરવઠો અને ઈન્ટરનેટ સેવાઓ ખોરવાઈ જવાથી ઈ-ફાઈલિંગ પોર્ટલનો ઉપયોગ કરવો કે AIS/TIS ડેટા મેળવવો અત્યંત મુશ્કેલ બન્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પૂરના પાણી ઓફિસોમાં ઘૂસી જવાથી વેપારીઓના હિસાબી ચોપડા, સ્ટોક રજિસ્ટર અને મહત્વના દસ્તાવેજોને ભારે નુકસાન થયું છે. પરિવહન સેવાઓ પણ પ્રભાવિત હોવાથી ટેક્સ પ્રોફેશનલ્સ માટે ક્લાયન્ટ્સ સાથે સંપર્ક સાધવો અશક્ય બન્યો છે.

આથી, એસોસિએશનનાના પ્રતિનિધિ દીપ પરીખ, કૌશલ વ્યાસ, ઉત્સવ પટેલ અને અમિત સોની દ્વારા માંગ કરવામાં આવી છે કે, બિન-ઓડિટ આઈટીઆર ભરવાની મુદત ૩૧મી ઓગસ્ટ સુધી લંબાવવામાં આવે. સીબીડીટી દ્વારા આવકવેરા અધિનિયમની કલમ ૧૧૯ હેઠળ તાત્કાલિક સત્તાવાર આદેશ બહાર પાડવામાં આવે. જેથી લોકોને ભાગદોડ કરવી ન પડે.

નડિયાદમાં આધેડ પર હુમલો કરતાં ગંભીર

કાર ચાલકે ભાઈ અને પત્ની સાથે મળી ચપ્પાથી હુમલો કરી લૂંટ ચલાવી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૯

નડિયાદના જવાહર નગર સંતરામનગર વિસ્તારમાં રાત્રિના સમયે બાઈક પર જતા એક આધેડને કારના ચાલકે જોરથી હોર્ન માર્યા બાદ થયેલી બોલાચાલીમાં આધેડ પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવી હતી.

નડિયાદના કપડવંજ રોડ પર રહેતા ૫૧ વર્ષીય ચંદ્રકાંતભાઈ પારુમલ સિંધી ગત ૨૮મી જુલાઈના રોજ રાત્રે નોકરી પૂરી કરી પોતાના મિત્રને મૂકવા જઈ રહ્યા હતા. ઝુલેલાલ સોસાયટી પાસે પાછળથી આવતી કારના ચાલક અરૂણ ઉર્ફે બબલુએ સતત હોર્ન મારતા ચંદ્રકાંતભાઈએ બાઈક ઊભું રાખી કારણ પૂછ્યું હતું. આ સાંભળી અરૂણ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલી પોતાના ભાઈ પ્રતિક તથા પત્ની બિંદિયાને સ્થળ પર બોલાવી લીધા હતા.

આ ત્રણેય શખ્સોએ ભેગા મળી ચંદ્રકાંતભાઈ સાથે ઝપાઝપી કરી હતી, જેમાં પ્રતિકે તેમને મુક્કા માર્યા હતા અને અરૂણે ચપ્પુ વડે માથાના ભાગે ઘા કરતા તેઓ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાઈ ગયા હતા. બાદમાં અરૂણે ચંદ્રકાંતભાઈના ખિસ્સામાંથી ૧૦ હજાર રૂપિયાની લૂંટ ચલાવી હતી અને ત્રણેયે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે નડિયાદ ટાઉન પોલીસે ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આણંદમાં જર્જરિત મકાનો તોડવાની ઝુંબેશ શરૂ કરાઈ

સાંગોડપુરામાં બે મકાનો જમીનદોસ્ત કરાયા, કોટવાળા દરવાજા વિસ્તારમાં કાર્યવાહી તેજ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

કરમસદ-આણંદ મનપા દ્વારા આગામી ચોમાસાની ઋતુ દરમિયાન સંભવિત દુર્ઘટનાઓ રોકવા અને નાગરિકોની સુરક્ષા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરની સીધી સૂચના હેઠળ, શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા અત્યંત જર્જરિત અને ભયજનક મકાનોને ઉતારી લેવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કરમસદ-આણંદ મનપાના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા આણંદના સાંગોડપુરા વિસ્તારમાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અહીં મકાન માલિકોની સહમતિ અને તેમની ઉપસ્થિતિમાં બે પડતર અને અત્યંત જર્જરિત મકાનોને તાત્કાલિક અસરથી ઉતારી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત, કોટવાળા દરવાજા વિસ્તારમાં પણ એક ભયજનક મકાનને દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

કરમસદ-આણંદ મનપા તંત્ર દ્વારા સ્પષ્ટ જણાવાયું છે કે, જે રહેણાંક કે વ્યાવસાયિક મકાનોને જર્જરિત જાહેર કરી નોટિસ આપવામાં આવી છે, તેવા મકાનમાલિકોએ જનહિતમાં અને જાનહાનિ ટાળવા માટે તાત્કાલિક ધોરણે બાંધકામ ખાલી કરી દેવા જોઈએ.

આણંદમાં બનાવટી વિઝા કેસમાં ગઠિયો પકડાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ શહેર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિઝા ફ્રોડના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા આરોપી વૈભવ રજનીકાંત શિંદેને આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે મુંબઈના તારદેવ વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આ આરોપીએ ફરિયાદીને ઓસ્ટ્રેલિયાના બનાવટી વિઝા આપી કુલ રૂ. ૩૫ લાખની છેતરપિંડી આચરી હતી. ઉલ્લેખનીય છે કે પકડાયેલા શખસ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તે અગાઉ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ તથા ઈસનપુર પોલીસ મથકે પણ વિઝા છેતરપિંડીના ગુનાઓમાં ઝડપાઈ ચુક્યો છે. સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. ચાવડા અને તેમની ટીમે મુંબઈ પોલીસના સહયોગથી આરોપીને ઝડપી પાડ્યો હતો.

કપડવંજની ફોજી ટીમ દ્વારા ૧૧૧ દીકરીને ગૌરી વ્રતની કીટ અર્પણ

મા-બાપ વિહોણી દીકરી શ્રદ્ધાપૂર્વક વ્રત કરી શકે તે હેતુથી નિ:શુલ્ક વિતરણ કરાયું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૯

કપડવંજ ખાતે ગૌરી વ્રતના પાવન અવસરે ફોજી ટીમ દ્વારા એક પ્રેરણાદાયી અને ઉમદા સેવાકીય કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલ અંતર્ગત શહેરની ૧૧૧ એવી દીકરીઓ કે જેમના માથા પર માતા કે પિતાનો સાયો નથી, તેમને ગૌરી વ્રત દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે તે માટે ફરાળ કીટ અને પાંચ દિવસના પૂજાપાનો સામાન નિઃશુલ્ક આપવામાં આવ્યો હતો.

આ સેવાકીય કાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય જરૂરિયાતમંદ દીકરીઓ કોઈપણ આર્થિક સંકોચ વિના શ્રદ્ધાપૂર્વક વ્રત અને પૂજા-અર્ચના કરી શકે તે માટે સહાયરૂપ થવાનો હતો. આ કાર્યક્રમમાં કપડવંજના દાતાઓ તન્મય રાવલ (ભૂદેવ), પરમ સોની, કમળાબેન પટેલ સહિત અન્ય મહાનુભાવોએ આર્થિક યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન સેવા આશ્રમ વાળા જયરાજસિંહ મહારાજ, જગાજી ઠાકોર, અને અનેક મહિલા અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ફોજી ટીમના મુખ્ય સભ્ય જીતેન્દ્રભાઈ પટેલ તથા અન્ય સભ્યોએ તમામ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કપડવંજની ફોજી ટીમના આ કાર્યને સ્થાનિક આગેવાનોએ મુક્તકંઠે બિરદાવ્યું હતું.

નડિયાદ શહેરના બાળ કલાકારે અભિનયમાં 'ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં દાવેદારી કરી

'મિશન 50+' અંતર્ગત કૃષ્ણ અને કામદેવના પાત્રો ભજવી પ્રાચીન 'ભાણ' પરંપરાને જીવંત કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ભારતીય રંગભૂમિ અને સંસ્કૃતિના સંવર્ધન માટે નાનકડી ઉંમરે મોટું લક્ષ્ય હાંસલ કરતા 8 વર્ષીય બાળ કલાકાર માસ્ટર કર્તવ્ય વૈભવકુમાર રાણાએ ઈતિહાસ રચ્યો છે. 'મિશન 50+' અભિયાન હેઠળ તેમણે ભારતીય રંગભૂમિની પ્રાચીન 'ભાણ' (મોનો એક્ટિંગ) પરંપરાને પુનર્જીવિત કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ અને કામદેવના પાત્રો પર આધારિત કુલ 55 જીવંત રજૂઆતો પૂર્ણ કરી છે. આ અસાધારણ સિદ્ધિને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં સત્તાવાર રીતે નોંધવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

નડિયાદની સંતરામ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ધોરણ-3માં અભ્યાસ કરતા કર્તવ્ય માત્ર અભિનયમાં જ નહીં, પરંતુ અભ્યાસમાં તેજસ્વી છે. માત્ર 5 વર્ષની ઉંમરે અભિનયની શરૂઆત કરનાર બાળ કલાકારની પ્રસ્તુતિઓને ગુજરાતના ખેડા જિલ્લાની વિવિધ શાળાઓ, કોલેજો અને જાહેર કાર્યક્રમોમાં અત્યાર સુધીમાં 35,000 થી વધુ દર્શકો પ્રત્યક્ષ નિહાળી ચૂક્યા છે.

નડિયાદના કર્તવ્ય રાણાની સફળતા પાછળ તેના કલાપ્રેમી પરિવારનું મહત્વનું યોગદાન છે. તેના પિતા અને રંગભૂમિના સંશોધક વૈભવ જે. રાણાએ આ રજૂઆતોનું લેખન અને દિગ્દર્શન કર્યું છે, જ્યારે માતા ડો. હેતલ વી. રાણાએ કોસ્ટ્યુમ અને મેક-અપની જવાબદારી સંભાળી છે.

આ ઉપરાંત, જાણીતા દિગ્દર્શક અને અભિનેતા એવા તેમના મોટા પપ્પા શ્રી પ્રેમ રાણાના માર્ગદર્શન હેઠળ 'યશસ્વી ફાઉન્ડેશન' દ્વારા આ સાંસ્કૃતિક જનઆંદોલન ચલાવવામાં આવી રહ્યું છે.રાષ્ટ્રીય સ્તરે સન્માનની તૈયારી આ સિદ્ધિ માત્ર એક રેકોર્ડ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' (PMRBP) ની કલા અને સંસ્કૃતિ શ્રેણી માટે પણ સહાયક સિદ્ધિ તરીકે રજૂ કરવામાં આવનાર છે. વિસરાતી જતી ભારતીય રંગભૂમિની પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાનો કર્તવ્યનો આ પ્રયાસ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ બન્યો છે.